# શહેરમાં ટાન્ઝાનિયાની આવેલી બે યુવતીઓને ઓમિક્રોન પોઝીટીવ

## શહેરમાં આજે વધુ ૨ કેસ નોંધાયા : બન્ને યુવા દર્દી : શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૬ થઈ

ગાંધીનગર, તા. ૨૭

૨૪મી ડિસે.ના રોજ ગાંધીનગરમાં અભ્યાસ માટે ટાન્ઝાનિયાથી આવેલ બે યુવતીઓનો ઓમિક્રોન પોઝીટીવનો રિપોર્ટ આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. ગાંધીનગરમાં ઓમિક્રોનના કેસોની સંખ્યા વધીને ૩ થઈ છે.

આ બન્ને યુવતીઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓમિક્રોનના દર્દીઓ માટે ખાસ અલગ વોર્ડ પણ બનાવવામાં આવ્યો છે.

દરમ્યાન આજે શહેરમાંથી વધુ બે કેસ કોરોનાના પોઝીટીવ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૩૬ થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલા બન્ને કેસ શહેરમાં સમાવિષ્ટ સરગાસણમાં નોંધાયા છે. આજે નોંધાયેલા બન્ને કેસ યુવાઓના છે. શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતાઓ વધી જવા પામી છે.

આજે નોંધાયેલા બે કેસમાં એક દર્દી તો યુગાન્ડાથી આવેલ છે. આ દર્દી પોતાનો ખાનગી વ્યવસાય કરે છે. આ દર્દીએ વેક્સિનના બધા ડોઝ લીધા છે. ૩૦ વર્ષીય આ યુવા વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ટી.પી.૯ વિસ્તારમાં રહેતો આ દર્દી વિદેશથી આવેલા લોકોના ચોથા દિવસે કરવામાં આવતા ટેસ્ટમાં પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત સરગાસણમાં ગામમાં રહેતા અને હોટલનો વ્યવસાય કરતા ૩૩ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ યુવા વેપારીને ઠંડી, કફ અને તાવની ફરિયાદ હોવાથી કોરોનાનો ટેસ્ટ કરાવવામાં આવતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ દર્દીએ પણ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં ઓમિક્રોનના નોંધાયાલા ૩ કેસમાંથી એક દર્દી સાજો થઈ જતા તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ઓમિક્રોનના હાલ બે એક્ટીવ કેસ છે.

ગાંધીનગર શહેરમાં જે ગતિએ કોરોનાના કેસો વધી રહ્યા છે તે જોતાં વહેલી ત્રીજી લ્હેર આવવાની સંભાવનાઓ વધી જવા પામી છે. શહેરમાં હાલ એક્ટીવ કેસની સંખ્યા ૧૫ થઈ છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નોંધાયા છે. આ વખતે હોસ્પિટલાઈઝેશન રેટ ઘણો ઓછો જોવા મળી રહ્યો છે.

મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવાની કડક સૂચનાઓ આપી છે. ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી થાય તે જોવા પણ જણાવવામાં આવ્યુ છે.


ફરજીયાત માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી માટે તંત્ર હવે ગંભીર બન્યુ છે. શહેરમાં વધતા જતા કેસોથી સર્વેલન્સ પણ સઘન બનાવવામાં આવ્યુ છે. આ ઉપરાંત વેક્સિનેશનની સઘન ઝુંબેશ આજે હાથ ધરાઈ હતી જેમાં ૨૨૯૬ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

# સુશાસન ચકાસવા સિવિલમાં સીએમની સરપ્રાઈઝ વિઝિટ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અચાનક મુલાકાત લઇ સિવિલ તંત્રને ઉંઘતું ઝડપ્યું : સુપ્રિટેન્ડન્ટ - આરએમઓની ગેરહાજરીની નોંધ લીધી : ખુલ્લા પડેલા ઇન્જેક્શન-દવાઓને યોગ્ય રીતે સ્ટોર કરવા સૂચના આપી : મુખ્યમંત્રીએ સફાઇ કર્મીઓ સાથે પણ વાત કરી : તાત્કાલિક સારવાર વિભાગને રંગરોગાન કરવા અને ટપકતી છતને રીપેર કરવા તાકીદ કરી**







ગાંધીનગર : તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સોમવારે સવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લેવા પહોંચ્યા હતા. મુખ્યમંત્રીની ઓચિંતી મુલાકાતથી સિવિલ હોસ્પિટલનું તંત્ર દોડતું થઈ ગયું હતું. મુખ્યમંત્રીની મુલાકાત સમયે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ, આરએમઓ કે આસિસ્ટન્ટ આરએમઓ સુધીના કોઈપણ અધિકારી ફરજ પર હાજર ન હોવાની સીએમએ ગંભીર નોંધ લીધી હતી.

સુશાસન પખવાડિયાની ઉજવણી અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સરપ્રાઈઝ વિઝીટ લીધી હતી. આજે સવારના સમયે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગમાં મુખ્યમંત્રી સહિત તેમનો કાફલો આવી પહોંચતા સિવિલ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. મુખ્યમંત્રીએ અહીં આરોગ્ય વિષયક સેવાઓ તપાસી હતી તેમજ હોસ્પિટલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે પણ જાત તપાસ કરી હતી. આ દરમ્યાન તેમણે હોસ્પિટલની છતમાંથી પાણી ટપકતું જોઈને તેને તાત્કાલિક રીપેર કરાવવા અને તાત્કાલિક સારવાર વિભાગને રંગરોગાન કરાવવા ફરજ પર હાજર તબીબને તાકીદ કરી હતી. મુખ્યમંત્રીએ ઓબ્ઝર્વેશન રૂમોમાં પણ દવાઓ અને ઈન્જેક્શન વગેરે ખુલ્લાં પડ્યાં હતાં તે જોઈને તેને યોગ્ય રીતે સ્ટોર કરવા અને તૂટેલી ખુરશીઓ તથા વ્હીલચેરને તાત્કાલિક બદલવા સૂચના આપી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ એનઆઈસીયુ અને આઈસીસીયુમાં પણ મુલાકાત લીધી હતી જ્યાં તેમણે દર્દીઓને આરોગ્યલક્ષી સેવાઓ યોગ્ય રીતે

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના રૂ. ૧૧.૫૦ કરોડના વિકાસ કામોનું કેન્દ્રીય ગૃહમંત્રી લોકાર્પણ કરશે

**૨૯મીએ વર્ચ્યુઅલી જોડાઈ ૧૧ બગીચાઓ અને બે અર્બન હેલ્થ સેન્ટરના એક્સટેન્શનનું લોકાર્પણ કરાશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મનપા દ્વારા રૂ. ૧૧.૫૦ કરોડના કામોનું લોકાર્પણ સુસાશન સપ્તાહની ઉજવણી અંતર્ગત ૨૯મી ડિસેમ્બરના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમીત શાહના હસ્તે કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન પણ ઉપસ્થિત રહેશે.

રાયસણ સાંસ્કૃતિક હોલ ખાતે આ લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ વર્ચ્યુઅલી જોડાશે.

શહેરમાં ૧૧ બગીચાઓનું જે નવિનીકરણ કરવામાં આવ્યુ છે તે તેમજ બે અર્બન હેલ્થ સેન્ટરોના એક્સટેન્શન યુનિટોનું લોકાર્પણ કરવામાં આવશે.

લોકાર્પણના કાર્યક્રમને લઈ મનપામાં તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. બગીચાઓના નવીનીકરણના કામને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. શહેરમાં વિકાસના કામો જે ગતિમાં છે તે ઝડપથી પૂર્ણ કરવાની પણ તાકીદ કરવામાં આવી છે.

# શહેરમાં કોલ્ડવેવમાં રાહત લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી

**લઘુત્તમ તાપમાન ૧૩ ડીગ્રી : દિવસનુ તાપમાન પણ ઉંચકાતા હળવી ગરમીનો અહેસાસ**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં ગત સપ્તાહ દરમિયાન છેલ્લા ૯ વર્ષની વિક્રમજનક ઠંડી નોંધાયા બાદ છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનુ જોર ઘટી ગયુ હતુ જયારે ગઈકાલે અચાનક જ ન્યુન્નતમ તાપમાન ૧૧ ડીગ્રીએ પહોંચી જતા શહેરમાં આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડી પણ આકરી બનતા શહેરીજનો વિચિત્ર મોસમના લીધે સુસ્તીનો શિકાર બની રહ્યા છે. જયારે આજે ઠંડી ૨ ડીગ્રી ઘટતા નગરજનોએ રાહત અનુભવી હતી. આકરી ઠંડીની મોસમમાં લઘુત્તમ તાપમાનમાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. દિવસનુ તાપમાન પણ ઉંચકાતા નગરજનોએ શીતલહેરમાં હાંશકારો અનુભવ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીની મોસમ જામી છે. લઘુત્તમ તાપમાનમાં છેલ્લા ૧૫ દિવસથી ૮ થી ૧૦ ડીગ્રી વચ્ચે ચઢાવ ઉતાર જોવા મળ્યો છે. આ દરમિયાન અવારનવાર વાદળિયુ વાતાવરણ સર્જાતા મોસમનો મિજાજ વિચિત્ર હોવાનો અહેસાસ પણ નગરજનોએ કર્યો છે. ગત સપ્તાહમાં ઠંડીનો પારો ૬.૫ ડીગ્રી સુધી નીચે ગગડી જતા છેલ્લા ૯ વર્ષની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો પારો સતત બે દિવસ સુધી વિક્રમજનક સ્થિતિમાં રહ્યો હતો ત્યારબાદ ધીમે ધીમે ઠંડીનુ જોર હળવુ થતા લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીએ આવ્યુ હતુ જયારે ધીમે ધીમે ઠંડી ઘટતા તાપમાન ૧૪ ડીગ્રીની આસપાસ આવી ગયુ હતુ બીજીતરફ ગઈકાલે અચાનક જ ઠંડીએ જોર પકડતા લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીએ પહોંચતા શહેરમાં ફરી એકવાર આકરી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે મોસમનો મિજાજ સતત બદલાતો રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોથી સાંજના સમયે ઉત્તર ગુજરાતના વિવિધ રૂટમાં બસ સેવાના નામે મીંડુ

**વિજાપુર, મહેસાણા વિસનગર સહીતના રૂટમાં સલામત સવારી કરવા માટે મુસાફરો કલાકો સુધી વલખા મારે છે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલાતમીના પરિબળો હજુ રામભરોસે છે જયારે કેટલાક રૂટમાં મુસાફરોને કલાકો સુધી સલામત સવારી પણ નસીબ થતી નથી જેના લીધે મુસાફરોમાં રોષ પ્રવર્તયો છે. ગાંધીનગર ડેપોથી સાંજના સમયે ઉત્તર ગુજરાતના વિવિધ રૂટમાં બસ સેવા ન મળતા મુસાફરોએ લાંબા સમય સુધી બસ સ્ટેન્ડ પર વલખા મારવા પડે છે. વિજાપુર, મહેસાણા, વિસનગર સહીતના રૂટમાં સાંજના સમયે ટ્રાફિક વધુ હોવાછતા હજુ પુરતી બસ સેવા મળતી ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાંથી શહેરી બસ સેવા ઉપરાંત અન્ય રૂટોમાં પણ બસો દોડે છે. પરંતુ ગાંધીનગર જિલ્લાના ગામો સુધી હજુ સલામત સવારી નસીબ ન થતી હોવાનો આક્રોશ પ્રબળ છે. જયારે બીજીતરફ એસ ટી ડેપોમાં સાંજના સમયે ઉત્તર ગુજરાત તરફ જવાના વિવિધ રૂટ માટે પણ બસ સેવા ન મળતી હોવાનો રોષ મુસાફરો ઠાલવી રહ્યા છે. આ મામલે અગાઉ પણ ડેપો કક્ષાએ રજુઆત કરવામાં આવી હતી પરંતુ આ રૂટમાં બસ ન મળતી હોવાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. ગાંધીનગરમાં સચિવાલય સાથે અનેકવિધ સરકારી કચેરીઓ તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત હોવાના લીધે વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ રહે છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા ઘણાં સમયથી માણસા, મહેસાણા, વિસનગર વિજાપુર સહીતના રૂટ માટે સાંજના સમયે બસ સેવા ન મળતા ઠંડીના દિવસોમાં મુસાફરો કલાક સુધી બસ સ્ટેન્ડ પર વલખા મારતા જોવા

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટ સીટીમાં પાણીની નવી લાઇન નાંખવા માટે ૩ હજાર વૃક્ષોનો સોથ વળશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે. જો કે સ્માર્ટ શહેરના સ્વપ્નને સાકાર કરવા માટે હરિયાળીનો સોથ વળી રહ્યો છે. સેકટરોમાં માર્ગ વાઇડનીંગ તેમજ નવા બિલ્ડીંગો બાંધવા માટે અત્યાર સુધી સેંકડો વૃક્ષોની કટોતી કરી દેવામાં આવી છે. જયારે દાયકાઓના અંતે સેકટરોમાં વધતી વસતી અને વિકાસની સાથે હવે માળખાગત સુવિધાઓ પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ત્યારે સેકટરોમાં પાણીની નવી લાઇન નાંખવા માટે પણ અંદાજિત ૩ હજાર વૃક્ષોની કટોતી કરી દેવાશે આ ઉપરાંત ૨૨ હજારથી પણ વધુ રોપાઓનો પણ સોથ વળશે.

**વૃક્ષોની સાથે હજારો રોપાઓનુ પણ નિંકંદન વળી જશે : વૃક્ષોની કટોતી મામલે વનવિભાગને ૧૦ કરોડનુ વળતર ચુકવાશે**

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે સેકટરોમાં પાણીની નવી લાઇન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા સહીત નવી પાણી ગટર લાઇન નાંખવા માટે પણ તોતિંગ ખર્ચ કરવામાં આવનાર છે. હાઇટેક વિકાસની સાથે નગરને સ્માર્ટ બનાવવા માટે છેલ્લા એક દાયકાથી હરિયાળીનો સોથ વળતા પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. સેકટરોમાં વધતી વસતી અને વિકાસના નવા આયામો વચ્ચે પાણી તેમજ ગટર લાઇન અપગ્રેડ કરવાની પણ તાતી અનિવાર્યતા ઉભી થઇ છે. ત્યારે આ સંદર્ભે હાથ ધરાયેલી કામગીરી દરમિયાન પણ શહેરમાં સેંકડો વૃક્ષોની કટોતી થશે જેમાં સેકટરોમાં પાણીની લાઇન નાંખવા માટે રોપાઓને પણ દુર કરવામાં આવશે. જો કે આ રોપાઓ પણ મોટા થઇ ગયા છે. શહેરમાં માળખાગત સુવિધાના કામોને અપગ્રેડ કરવા માટે ૩૫ હજાર રોપાઓ તેમજ ૩ હજાર વૃક્ષોની કટોતી કરી દેવાશે જયારે આ માટે વન વિભાગને અંદાજિત રૂ ૧૦ કરોડનુ વળતર પણ ચુકવી દેવાયુ છે. સેકટરોમાં તેમજ ગાંધીનગર અમદાવાદને જોડતા માર્ગોના વાઇડનીંગનુ કામ પણ ચાલી રહ્યુ છે. જેમાં માર્ગ અપગ્રેડ કરવાની આ કામગીરી દરમિયાન સંખ્યાબંધ વૃક્ષોની કટોતી કરી દેવામાં આવી છે. શહેરમાં એકબાજુ વિકાસ કામોના નામે વૃક્ષોની કટોતી થાય છે જયારે નવા રોપાઓની જાળવણીના મામલે પણ અનેક સવાલો મંડરાયા છે. સેકટરોમાં હરિયાળી અદ્રશ્ય થઈ રહી છે. ત્યારે વૃક્ષ વાવો અને પર્યાવરણ બચાવોનુ સુત્ર પણ માત્ર ભીત પર ચિતરાયેલુ રહી ગયુ હોય તેવી સ્થિતિ છે. અગાઉ ચિલોડ સરખેજ હાઇવેને અનુલક્ષી હાથ ધરાયેલી કામગીરી દરમિયાન પણ સેંકડો વૃક્ષોની કટોતી કરી દેવામાં આવી હતી જેની સામે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષ પ્રબળ બન્યો હતો. ત્યારે સેકટરોમાં સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ હવે વિવિધ લાઇન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવતા વૃક્ષોના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. એકબાજુ વન આરક્ષિત વિસ્તારમાં ઠેર ઠેર ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં છે. જયારે આ સ્થિતિ વચ્ચે નવા રોપાઓ તેમજ હરિયાળી સામે આમ પણ ખતરો મંડરાયો છે. ત્યારે વૃક્ષોની કટોતી સામે પણ નવા રોપાઓની વાવણી અને તેની યોગ્ય જાળવણી માટે પણ આયોજન કરવામાં આવે તેની પણ અનિવાર્યતા છે. શહેરને સ્માર્ટ બનાવવા માટે પુરજોશમાં એકબાદ એક કાર્યયોજના હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ હરિયાળી ગુમાવીને નગરને સ્માર્ટ બનાવાની યોજના સામે પ્રકૃતિ પ્રેમીઓમાં દિન પ્રતિદિન આક્રોશ વધતો જાય છે.

**વ્યક્તિલક્ષી સેવાઓના ઝડપીકરણ માટે**

# એફિડેવિટને બદલે સ્વઘોષણા પ્રથા અમલી કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારે રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયે આપવામાં આવતી સેવાઓ માટે એફીડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણાની પ્રક્રિયા અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયનો અમલ ૧૧ જાન્યુઆરી પછી થશે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગે પરિપત્ર પણ કરી દેવામાં આવ્યો છે. રાજ્ય સરકારની વ્યક્તિલક્ષી અપાતી સેવાઓમાં જે તે અરજદાર દ્વારા અપાતી માહિતીની સત્યતા સુનિશ્ચિત કરવા એફિડેવિટ લેવામાં આવે છે.

વહીવટી સુધારણાની ભાગરૂપે લોકોપયોગી સેવાઓ ઝડપી બને અને નાગરિકોને પ્રક્રિયાના સરળીકરણથી અનુકૂળતા થાય તે હેતુથી સરકારી સેવાઓ મેળવવાની પ્રક્રિયામાંથી જ્યાં કાયદા કે નિયમથી જરૂરી હોય તે સિવાયના તમામ કિસ્સામાં એફિડેવિટની જરૂરિયાત રદ કરી સ્વઘોષણા (સેલ્ફ ડિકલેરેશન)ને પ્રક્રિયાનો ભાગ બનાવવાનો નિર્ણય કરેલ છે.

સચિવાલયના સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્ય સરકારના વિભાગો વતી જે સેવાઓ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો, જનસેવા કેન્દ્ર, ડીજીટલ સેવાસેતુ અંતર્ગત આપવા છે ત્યાં એનઆઈસી દ્વારા એફિડેવિટની જગ્યાએ સ્વઘોષણા ફોર્મ પ્રતિ સ્થાપિત કરવાની કાર્યવાહી ૧૦મી જાન્યુઆરી સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

જે કિસ્સામાં કેન્દ્ર અથવા રાજ્ય સરકારના અધિનિયમ અથવા નિયમો અથવા વિનિયમો અન્વયે એફિડેવિટ રજુ કરવાનું ઠરાવ્યુ હશે ત્યાં એફિડેવિટ લેવાનું ચાલુ રાખવાનુ રહેશે.

રાજ્યની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જાતિને લગતી અને ક્રિમીલેયર માટે અપાતી સેવાઓ માટે એફિડેવિટની ઉપયોગીતા સમીક્ષા

● અનુસંધાન પાન-૭ પર

પધારો... પધારો... પધારો...
સમસ્ત રાજપૂત સમાજ ગાંધીનગર આયોજીત
રાજપૂત સમાજ સ્નેહમિલન તથા ભવ્ય લોકડાયરો
તા. ૨૮/૧૨/૨૦૨૧ને મંગળવાર ● સમય સાંજે : ૪ થી ૭ કલાકે
સ્થળ : ગાંધીનગર-ચિલોડા હાઈવે, આલમપુર પાટીયાથી આગળ, શિહોલી મોટીના રોડ ઉપર
આ કાર્યક્રમમાં રાજપૂત સમાજના સર્વે ભાઈઓ-બહેનોને પરિવાર સહિત પધારવા હાર્દિક નિમંત્રણ છે.
ખાસ નોંધ : કોરોનાની ગાઈડલાઈનનું અવશ્ય પાલન કરીશું.
ડો. શંકરસિંહ રાણા - જિલ્લા પ્રમુખ
ભરતસિંહ બિહોલા - જિલ્લા મહામંત્રી
વિક્રમસિંહ ગોલ - શહેર પ્રમુખ
પ્રદિપસિંહ બિહોલા - શહેર મહામંત્રી
બિનાબા એસ. રાણા - પ્રમુખ
સંગીતાબા સોલંકી - મહામંત્રી
મહિલા રાજપૂત સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com